| | |
|---|---|
| રજુ તારીખ | ૧૫/૦૫/૨૦૨૩ |
| દાખલ તારીખ | ૧૫/૦૫/૨૦૨૩ |
| ફેસલ તારીખ<br>સમયગાળો | ૧૦/૦૭/૨૦૨૩ |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૩૫૩૭/૨૦૨૩**
**આંક**

અરજદાર:– પાલ શિવકાન્તિ બિજેન્દ્ર તે ગંગાસેવકની પુત્રી, ઉવ.પુખ્ત.
હાલ રહેવાસી: ૧૫૯, વિશ્વાશનગર,
આશિષ સિનેમા પાછળ, ઓઢવ, અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ જન્મ નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી ચેતન જે. શ્રીમાળી.

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમના નામે શિવકાન્તી ગંગાસેવક પાલ ના જન્મ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમનો જન્મ તારીખ :–૧૦/૦૭/૧૯૮૬ ના રોજ ૧૫૯, વિશ્વાશનગર, આશિષ સિનેમા પાછળ, ઓઢવ, અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના જન્મ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના જન્મ ના દાખલાની જરુરીયાત ઉપસ્થીત થતા હાલની અરજી તેમના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમના જન્મની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | શિવકાન્તી ગંગાસેવક પાલ |
| જન્મ તારીખ | :– | ૧૦/૦૭/૧૯૮૬ |
| જન્મ સ્થળ | :– | ૧૫૯, વિશ્વાશનગર,<br>આશિષ સિનેમા પાછળ, ઓઢવ, અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | ગંગાસેવક મંગલીપ્રસાદ પાલ |
| માતાનું નામ | :– | બિંદના |

૨. અરજીમા ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે અરજદાર તરફથી તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ**

**–: મૌખીક પુરાવો :–**

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૮ |
| ૨ | સાહેદ પાલ ગંગાસેવક મંગલીપ્રસાદની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૩ | સાહેદ પાલ બિંદના ગંગાસેવકની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૪ | સાહેદ પાલ મનોજકુમાર રાજારામભાઈની સરતપાસની એફીડેવીટ | ૧૧ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ–મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ | ૬ |
| ૩. | શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ | ૭ |

અરજદારે આંક–૧૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના જન્મની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–૬ શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ તેમજ આંક–૭ થી શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજુ થયેલ છે, જે દસ્તાવેજી પુરાવાથી અરજદારના જન્મની જન્મ તારીખ :૧૦/૦૭/૧૯૮૬ ના રોજ થયેલ છે, અને તેની નોંધણી આ દસ્તાવેજોમા થયેલાનુ ફલિત થાય છે. આ કામે રજુ પુરાવા સામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલા નથી અને કાયદા મુજબ જન્મની નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાની હકીકતે અરજદાર નો જન્મ તારીખ :–૧૦/૦૭/૧૯૮૬ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે. તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના

જન્મની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | શિવકાન્તી ગંગાસેવક પાલ |
| જન્મ તારીખ | :– | ૧૦/૦૭/૧૯૮૬ |
| જન્મ સ્થળ | :– | ૧૫૯, વિશ્વાશનગર,<br>આશિષ સિનેમા પાછળ, ઓઢવ, અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | ગંગાસેવક મંગલીપ્રસાદ પાલ |
| માતાનું નામ | :– | બિંદના |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭ /૨૦૨૩
અમદાવાદ.

(વનરાજ ચૌધરી)
ઈ.ચા. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે–૦૦૮૧૫